જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


તા.૧૪/૯/૨૦૧૫ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૮૫૪/૧૫**

## દોઢ વર્ષ પહેલા અડાલજ ખાતે બનેલ ધાડના ગુનામાં સંડોવાયેલ આરોપીને પકડી પાડી ધાડનો ગુનો શોધી કાઢતી ક્રાઈમબ્રાન્ચ

અમદાવાદ શહેરમાં તેમજ આજુબાજુના વિસ્તારોમાં હાઈવે ઉપર ધાડ,લુંટના ગુન્હા બનતા હોય જે ગુન્હા બનતાં અટકાવવા તેમજ બનેલ ગુનાં શોધી કાઢવા સારૂ પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ખાસ તાકીદ કરેલ હોય જે અનુસંધાને શ્રી દીપન ભદ્રન, નાયબ પોલીસ કમિશ્નર, ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓની સુચના આધારે શ્રી કે.એન.પટેલ, મદદનીશ પોલીસ કમિશ્નર, ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ શ્રી જે.એસ.ગેડમ, પોલીસ ઈન્સ્પેકટર, ક્રાઈમ બ્રાન્ચ નાઓની ટીમના પો.સ.ઈ.શ્રી બી.એચ.કોરોટ તથા પો.સ.ઈ. શ્રી જે.એન.ગોસ્વામી તથા તેઓનાં સ્ટાફનાં માણસો સાથે તા.૧૪/૯/૨૦૧૫ ના રોજ અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા, દરમ્યાન પો.સ.ઈ. શ્રી જે.એન.ગોસ્વામી નાઓને મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે નારોલ જી.ઈ.બી. સબ સ્ટેશન પાસેથી વાઘાભાઇ ઉર્ફે વિશાલ સ/ઓ ડાહ્યાભાઇ ઓડ ઉ.વ. ૨૮ રહે.અસલાલી ગામ જાનકી હૉટલ ના ખાચામાં અશોક લેલન કંપની ની બાજુમાં તા. દસ્ક્રોઈ જી. અમદાવાદ નાનો મળી આવતાં તેની પુછપરછ દરમ્યાન તેણે આજ થી દોઢ વર્ષ પહેલા શેરથા ગામ ત્રીમુર્તિ મંદીર સામે પોતાની સાથેના અંરવિંદ તથા પ્રવિણ ઉર્ફે પપ્પુ શૈલેષ તથા શૈલેષ ના બે માણસો સાથે એક ઇન્ડીકાકાર ચાલક ને મારમારી છરી વડે ઇજા કરી ઇન્ડીકામાં બેસાડી છત્રાલ નજીક અવાવરુ જગ્યાએ ઉતારી દઈ ઈન્ડીકા તેમજ તેનો મોબાઈલ લઈ ભાગી ગયેલ હોવાની કબુલાત કરેલ. જે બાબતે અડાલજ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૭/૨૦૧૪ ઈ.પી.કો.કલમ ૩૯૭,જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો દાખલ થયેલ હોય સદરી આરોપીને અડાલજ પો.સ્ટે. તરફ મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે.

### આરોપીનો પુર્વ ઈતિહાસ

1. આરોપી અગાઉ વટવા પો.સ્ટે. ટાયર ની પ્લેટો ચોરીના ગુન્હામાં પકડાયેલ છે.
2. લખતર પો.સ્ટે. ડીઝલ ચોરીના ગુન્હામાં પકડાયેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>અમદાવાદ શહેરમાં વૃધ્ધ પુરૂષો તેમજ સ્ત્રીઓના ગળામાંથી ચેઈન સ્નેચીંગ કરી અમદાવાદ શહેરમાં તરખાટ મચાવનાર યુવાન વયની ગેંગના ત્રણ સાગરીતો ની ધરપકડ કરતી અમદાવાદ શહેર એસ.ઓ.જી ક્રાઇમ બ્રાન્ચ</u>**

અમદાવાદ શહેરમાં ચેઇન સ્નેચીંગ ના બનાવો બનતા અટકાવવા સારું તથા શોધી કાઢવા સારૂ ક્રાઇમ બ્રાન્ચના નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી બી.સી.સોલંકી તથા પોલીસ ઇન્સ્પેકટર બી.ડી.જાડેજા એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ નાઓના માર્ગદર્શન તથા સુચના મુજબ અમદાવાદ શહેરમાં બનેલ ગુના શોધી કાઢવા તેમજ બનતા ગુના અટકાવવા સારું પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી વી.એચ.જાડેજા તથા પોસઇ શ્રી સી.બી.ગામીત તથા પોસઇ શ્રી પી.બી.દેસાઇ નાઓ તથા સ્ટાફના કર્મચારીઓ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગ ફરતા ફરતા વિશાલા ચાર રસ્તાથી નારોલ તરફ જતા રોડ ઉપર આવેલ બરફની ફેકટરીની સામે જાહેર રોડ ઉપર આવતા સાથેના પો.કો અવરખાન પીરખાન તથા પો.કો. ચેતનકુમાર રામુભાઇ નાઓએ સંયુકત બાતમી હકીકત આપેલ કે, “તાજેતરમાં તથા અગાઉ પાલડી તથા વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલ સંખ્યા બંધ ચેઇન સ્નેચીંગના ગુનાઓમાં સંડોવાયેલ જુહાપુરાની સક્રીય ગેંગ ના આરોપીઓ (૧) ફૈઝાન ઉર્ફે પાંગા રફીકભાઇ શેખ કે જેણે શરીરે બ્લ્યુ કલરનુ જીન્સનુ પેન્ટ તથા બ્લેક કલરની ટી શર્ટ પહેરેલ છે તથા (૨) મહંમદ મુસ્તાક ઇકબાલ હુસેન શેખ જેણે શરીરે બ્લેક કલરનુ ટ્રેકશુટ તથા વ્હાઇટ ટી શર્ટ પહેરેલ છે તથા (૩) ઇશાન મંહમંદ ઇલિયાસ શેખ જેણે શરીરે સફેદ કલરનો પાઇજામો તથા મરુન કલરનો ઝભ્ભો પહેરેલ છે ઉપરોકત ત્રણેય ઇસમો મોટર સાયકલ લઇ તેઓએ લુટેલ મુદ્દામાલ અત્રે વખતે જુહાપુરા તરફથી લઇ આવી વિશાલ ચાર રસ્તાથી નારોલ તરફ વેચવા જનાર છે” જેથી સ્કોડના અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓ મારફતે હકીકત વાળી જગ્યાએ વોચ ગોઠવી વોચમાં રહી આરોપીઓ એક કાળા સિલ્વર કલરની હિરો હોન્ડા મોટર સાયકલ ઉપર નં <u>(૧) ફૈજાન ઉર્ફે પાંગા સ/ઓ રફીકભાઇ શેખ ઉ.વ.૨૦ ધંધો નોકરી રહેવાસી, આઇ વોર્ડ મ.નં. આઇ/૭૨ સંકલિતનગર જુહાપુરા અમદાવાદ શહેર નં (૨) મહંમદ મુસ્તાક ઇકબાલ હુસેન શેખ ઉ.વ. ૨૫ ધંધો મજુરી રહેવાસી જે વોર્ડ મ.નં. જે/૧૯ સંકલિતનગર જુહાપુરા અમદાવાદ શહેર તથા નં (૩) ઇશાંન સ/ઓ મોહમંદ ઇલિયાસ શેખ ઉ.વ. ૧૯ ધંધો લાઇટફિટીંગ રહેવાસી, મનં.૭ રોનક પાર્ક વેજલપુર પોલીસ સ્ટેશનની પાછળ જુહાપુરા અમદાવાદ શહેર</u> નાઓને એક સોનાની ચેઇન સાથે પકડી ચેઇનની કિ,રૂ. ૨૭,૫૦૦/- તથા મોટર સાયકલની કિ.રૂ. ૩૫,૦૦૦/- મળી કુલ્લે રૂ. ૬૨,૫૦૦/- નો મુદ્દામાલ પાસે પકડી સીઆરપીસી કલમ ૪૧(૧)ડી મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ અને જેઓની વધુ પુછપરછ કરતા આ ચેઇન સ્નેચીંગના ગુના અમો ત્રણેય સાથે મળી અમદાવાદ શહેરના પાલડી તેમજ વેજલપુર વિસ્તારો માંથી વૃધ્ધ પુરુષ તેમજ સ્ત્રીઓના ગળા માંથી સોનાની ચેઇનોની લુંટ કરી હોવાનુ જણાવે છે તેમજ આરોપીઓની વધુ પુછપરછ કરતા પોતાના મોજશોખ કરવા સારુ ફૈજલ ઉર્ફે પાંગા ના મોટર સાયકલનો ઉપયોગ કરી લુંટ ને અંજામ આપતા હતા.

આ ત્રણેય આરોપીઓએ છેલ્લા બે એક વર્ષથી અમદાવાદ શહેરમાં સક્રિય છે. આરોપીઓની પુછપરછ માં <u>આરોપીઓએ અમદાવાદ શહેરમાં અંદાજે ૧૪ જેટલા ચેઇન સ્નેચીંગના ગુન્હા આચરેલ હોવાની કબુલાત આપેલ છે.</u> જે ગુન્હાઓનો ભેદ ઉકેલી કાઢેલ છે. હાલ આરોપીઓની સઘન પુછપરછ ચાલુંમાં છે અને આરોપીઓની પુછપરછ માં અમદાવાદ શહેરના બીજા ઘણા બધા લુંટના ગુન્હાઓનો ભેદ ઉકેલાય તેવી શક્યતા છે.

નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)